# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25-12-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1. સુશાસન દિવસ નિમિત્તે ગાંધીનગરમાં સંકલિત નવીનીકરણીય ઉર્જા નીતિ–2025 સહિતની અનેક નાગરિકલક્ષી પહેલોનો શુભારંભ
2. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે અમદાવાદમાં કાંકરિયા કાર્નિવલ 2025નો પ્રારંભ કરાવશે.
3. સુરેન્દ્રનગર જમીન ગેરરીતિ મામલે ACBએ જિલ્લા કલેક્ટર સહિત 4 અધિકારી સામે ગુનો નોંધ્યો
4. કસ્ટમ વિભાગે સુરતમાંથી એક કરોડ રૂપિયાથી વધુની કિંમતનો માદક પદાર્થ પકડ્યો
5. રાજ્ય સહિત સમગ્ર વિશ્વમાં આજે નાતાલની ઉજવણી
6. અખિલ ભારતીય કંઠ્ય સંગીતની રાજ્યકક્ષાની સ્પર્ધામાં ભાવનગરની અંધ ઉદ્યોગ શાળાના વિદ્યાર્થીઓનું શાનદાર પ્રદર્શન

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# CM GOOD GOVERNANCE

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ભારતરત્ન સ્વર્ગીય અટલ બિહારી વાજપેયીની જન્મજયંતી નિમિત્તે સુશાસન દિવસની ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમ દરમિયાન અનેક પહેલનું અનાવરણ અને વિકાસ કામોના લોકાર્પણ કરાયા. જેમાં રાજ્ય સરકાર દ્વારા સંકલિત નવીનીકરણીય ઉર્જા નીતિ–2025ની શરૂઆત કરવામાં આવી. રાજ્ય સરકારની યોજનાઓ-નીતિઓ અંગેના કાયદાઓ, નિયમો, ઠરાવો, પરિપત્રો અને જાહેરનામાને એક જ ક્લિક પર સર્ચ કરી શકાય તે માટેની પહેલ 'G-SAAR' પોર્ટલ, સીએમ ફેલોશીપ મોનિટરિંગ પોર્ટલ તેમજ બિનનિવાસી ગુજરાતીઓને ગુજરાત સાથે વધુ નજીકથી જોડતી 'NRG' વેબસાઇટનો પણ શુભારંભ કરાયો. આ પ્રસંગે શ્રી પટેલે જણાવ્યું, વહીવટી પાંખ જેટલી મજબૂત હશે તેટલી લોકોને વધુ સુખાકારી પ્રાપ્ત થશે.

(બાઇટ : ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

આ અવસરે ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના 120 કરોડથી વધુના કામોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત તેમજ વિવિધ વિભાગોના વિવિધ સંસ્થાઓ સાથેના મહત્વપૂર્ણ સમજૂતી કરાર કરાયા.

----------

# Sushashan Divas

આજે ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ભારતરત્ન સ્વર્ગીય અટલબિહારી વાજપેયીની 101મી જન્મજયંતી નિમિત્તે સમગ્ર રાજ્યમાં સુશાસન દિવસની ઉજવણી થઇ રહી છે.

અમરેલી જિલ્લામાં શિક્ષણાધિકારી, જિલ્લા કલેક્ટર અને જિલ્લા આયુર્વેદ અધિકારીની કચેરીને અનુક્રમે બેસ્ટ, ઇર્મજિંગ અને એસ્પાયરિંગ ત્રણ શ્રેણીના પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા.

તાપી જિલ્લાના કલકવા ગામે વિશ્વનાથ મહાદેવ મંદિરના પ્રાંગણમાં એક ભવ્ય લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સાથે સાથે સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓની માહિતી લોકો સમક્ષ રજૂ કરાઇ.

સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર ખાતે ‘સુશાસન દિવસ’ ની ઉજવણીના ભાગરૂપે આગામી 29 તારીખથી ક્ષમતા નિર્માણ તાલીમ કાર્યક્રમ શરૂ કરાશે.

----------

## MANDAVIYA KHEL MAHOTSAV

કેન્દ્રીય રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયા જુનાગઢમાં પોરબંદર લોકસભાના સાંસદ ખેલ મહોત્સવ 2025ના સમાપન સમારોહમાં ઉપસ્થિત રહ્યા. આ પ્રસંગે તેમણે સાંસદ ખેલ મહોત્સવને ખેલાડીઓના ચારિત્ર્ય નિર્માણનું પ્રતિક ગણાવ્યો.

**(BYTE: MANDVIYA-ON-VIKSIT-BHARAT)**

આ સમારોહમાં વર્ચ્યૂઅલી ઉપસ્થિત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું વર્ષ 2030માં જ્યારે ભારત, અમદાવાદમાં રાષ્ટ્રમંડળ રમતની યજમાની કરશે ત્યારે સમગ્ર વિશ્વ ભારત તરફ જોશે.

કાર્યક્રમ દરમિયાન શ્રી માંડવિયાએ વિજેતા ખેલાડીઓને પુરસ્કાર આપી સન્માનિત કર્યા.

----------

# SANSAD KHEL MAHOTSAV SAMAAPAN -STATE

રમતગમત પ્રત્યે યુવાનોમાં ઉત્સાહ જગાડવા અને ગ્રામીણ પ્રતિભાઓને મંચ પૂરું પાડવાના ઉદ્દેશ્ય સાથે રાજયભરમાં આયોજિત 'સાંસદ ખેલ મહોત્સવ-2025' નું સમાપન થયું છે ત્યારે ...

ભાવનગરમાં કેન્દ્રીય રાજ્યમંત્રી નીમુબેન બાંભણીયાની ઉપસ્થિતિમાં યોજાયેલ સમાપન સમારોહમાં કુલ 24 ચંદ્રકોથી બહેરા મૂંગા શાળાના વિજેતા ખેલાડીઓનું સન્માન કરાયું.

સાબરકાંઠાના હિંમતનગર ખાતે આદિજાતિ વિકાસમંત્રી પી સી બરંડાએ જણાવ્યું કે સાંસદ ખેલ મહોત્સવ એ માત્ર એક સ્પર્ધા નથી, પરંતુ યુવાનોમાં શિસ્ત, એકતા અને ખેલદિલી શીખવતું એક મહા-અભિયાન છે.

બનાસકાંઠાના પાલનપુર ખાતે સમાપન કાર્યક્રમમાં રાજ્યમંત્રી પ્રવીણ માળી, સહિત અનેક મહાનુભાવોના હસ્તે વિજેતા ખેલાડીઓને સન્માનીત કરાયા. આ પ્રસંગે પ્રભારી મંત્રી કમલેશ પટેલે ખેલ મહોત્સવ થકી રમતગમત સાથે જોડાયેલા સ્થાનિક રમતવીરોને યોગ્ય પ્લેટફોર્મ મળ્યું હોવાનું જણાવ્યુ.

(બાઇટ –કમલેશ પટેલ –પ્રભારી મંત્રી )

મહેસાણા, તાપી, છોટાઉદેપુર, પાટણ અને વલસાડ ખાતે યોજાયેલા સમાપન સમારોહમાં વિજેતા ખેલાડીઓને પુરસ્કૃત કરાયા હતા.

----------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# એક અગત્યની જાહેરાત....

દૂરદર્શન કેન્દ્ર અમદાવાદના આપણા મુદ્દા આપણી વાત કાર્યક્રમ અંતર્ગત પ્રસારિત થયેલી "ગ્રામીણ રોજગારની નવી પહેલ - વિકસિત ભારત જી રામ જી " વિષય પર ચર્ચાના ખાસ અંશો આજે આકાશવાણીના અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી રાત્રે 9 ને 15 મિનિટે પ્રસારિત થશે. આ વિશેષ ચર્ચામાં સામાજિક કાર્યકર્તા મિત્તલ પટેલ ભાગ લઈ રહ્યા છે.

----------

## KANKARIA CARNIVAL

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે અમદાવાદમાં કાંકરિયા કાર્નિવલ 2025નો શુભારંભ કરાવશે. અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા અમદાવાદ ફેસ્ટિવલ અંતર્ગત આ કાર્નિવલ 31 ડિસેમ્બર સુધી યોજાશે. આ કાંકરિયા કાર્નિવલમાં આવતીકાલે જાણીતા કલાકાર ઈરફાન દિવાન અને પાયલ વખારિયાનો લાઈવ મ્યુઝીકલ કોન્સર્ટ, સંકેત ખાંડેકરનું લાઈવ બેન્ડ પર્ફોર્મન્સ તેમજ જાણીતા કલાકાર હરેશ માધવી અને ગ્રુપનો ગુજરાતી કલ્ચરલ ફોક ડાન્સનો કાર્યક્રમ યોજાશે.

----------

## ACB FIR

સુરેન્દ્રનગર જમીન ગેરરીતિ મામલે લાંચ રૂશ્વત વિરોધી બ્યૂરો-ACB જિલ્લા કલેક્ટર રાજેન્દ્ર પટેલ સહિત 4 અધિકારી સામે ગુનો નોંધ્યો છે. બે દિવસ અગાઉ પ્રવર્તન નિદેશાલય-EDએ જિલ્લા કલેકટર અને નાયબ મામલતદારના નિવાસ સ્થાને દરોડા પાડ્યા હતા. ત્યારે EDના અધિકારીની ફરિયાદ આધારે ACBમાં ગુનો દાખલ કરાયો હોવાનું ACBના નાયબ પોલીસ મહાનિરીક્ષક મકરંદ ચૌહાણે જણાવ્યું.

**(Byte: Makarand Chauhan - DIG, ACB)**

ઉલ્લેખનીય છે કે બે દિવસ અગાઉ નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરીના નિવાસસ્થાને EDના દરોડા દરમિયાન 67 લાખ રૂપિયાથી વધુની રકમ મળી આવી હતી. બીજી તરફ EDએ ધરપકડ કરેલ નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરીની વધુ તપાસ માટે અદાલતે પહેલી જાન્યુઆરી સુધીના રિમાન્ડ મંજૂર કર્યા છે.

----------

## SURAT MADAK PADARTH

સુરતમાં કસ્ટમ વિભાગે એક મહિલા પાસેથી એક કરોડ રૂપિયાથી વધુની કિંમતનો માદક પદાર્થ પકડ્યો છે. સુરત કસ્ટમ વિભાગ અને એર ઇન્ટેલિજન્સ યુનિટના અધિકારીઓ એલર્ટ પર હતા. તે દરમિયાન બેંગકોકથી આવેલી ફ્લાઈટમાં એક મહિલા મુસાફરની વર્તણૂક શંકાસ્પદ જણાતા તેને અટકાવવામાં આવી હતી.

મહિલાના સામાનની સઘન તપાસ કરતા તેમાંથી 7 જેટલા પોલીથીન પેકેટ મળી આવ્યા હતા. ફોરેન્સિક પરીક્ષણમાં આ પદાર્થ માદક પદાર્થ હોવાની પુષ્ટિ થઈ હતી. ત્યારે મહિલાની ધરપકડ કરી અધિકારીઓએ કુલ આશરે 3 કિલો માદક પદાર્થ કબજે કર્યો છે. આ અંગે કસ્ટમ વિભાગે વધુ તપાસ હાથ ધરી છે.

----------

## Saurastra University Padvidaan -RAJKOT

દીક્ષાંત એ અંત નહીં, પરંતુ દેશ પ્રત્યે ફરજ અને જવાબદારી નિભાવવાનો પ્રારંભ છે,- રાજકોટમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના 60માં પદવીદાન સમારોહમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે યુવાનોને સંબોધન કરતાં આ મુજબ જણાવ્યુ. શિક્ષણમંત્રી ડો. પ્રદ્યુમન વાજાની ઉપસ્થિતિમાં યોજાયેલ આ સમારોહમાં 14 વિદ્યાશાખાના 43 હજાર 792 વિદ્યાર્થીઓને પદવી એનાયત કરાઇ, જેમાં 160 વિદ્યાર્થીઓને કુલ 178 સુવર્ણ ચંદ્રક એનાયત કરાયા.

આ પ્રસંગે રાજ્યપાલે યુવા વિદ્યાર્થીઓને 'જોબ સિકર નહીં પરંતુ જોબ ગીવર' બનવાની પ્રેરણા આપી તેમજ વિકસિત ભારતના વિઝનને પરિપૂર્ણ કરવામાં વિદ્યાર્થીઓને તેમના જ્ઞાનના ભંડારનો સદુપયોગ કરી સહભાગી બનવા યુવાનોને હાંકલ કરી હતી.

----------

## CHRISTMAS CELEBRATION -STATE

રાજ્ય સહિત સમગ્ર વિશ્વમાં આજે નાતાલના તહેવારની વિવિધ રીતે હર્ષોલ્લાસ સાથે ઉજવણી થઈ રહી છે.

ડાંગ જિલ્લાના આહવામાં ચર્ચ ઓફ બ્રધરન ખાતે ખ્રિસ્તી ભાઈઓ બહેનોની વિશેષ ઉપસ્થિતિમાં પ્રભુ ઈસુની સ્તુતિ ગાન, બાઇબલ વાંચન અને પ્રાર્થના સભાનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું.

વલસાડના વાઈટ ચર્ચમાં ઈસુના જન્મદિનની ઉજવણી ખ્રિસ્તી સમાજે એકબીજાને શુભેચ્છા પાઠવીને કરી, તેમજ વિશેષ પ્રાર્થના સભા યોજાઈ.

----------

## BHAVNAGAR SANGEET SPARDHA

અખિલ ભારતીય કંઠ્ય સંગીતની રાજ્યકક્ષાની સ્પર્ધામાં ભાવનગરની શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળાના વિદ્યાર્થીઓએ શાનદાર પ્રદર્શન કર્યું. અંધજન કલ્યાણ મંડળ રાજકોટ ખાતે યોજાયેલી આ સ્પર્ધામાં શાસ્ત્રીય સંગીત, વિભાગ – બ અને ફિલ્મી સંગીત, વિભાગ–બ માં રાજેશ ઠાકોરે પ્રથમ ક્રમાંક મેળવ્યો. જ્યારે સુગમ સંગીત, વિભાગ – અ માં યુગ મકવાણા પ્રથમ ક્રમે રહ્યા છે. બીજી તરફ સુગમ સંગીત, વિભાગ–બમાં ભરત સોલંકી બીજા ક્રમે, જ્યારે વિભાગ – અ માં રિતુ ઉભડિયા - ત્રીજા ક્રમે રહ્યા છે.

----------